# -:: લખધીરજી ઈજનેરી કોલેજ, મોરબી ::-

## વર્ષ ૨૦__ - ૨૦__ માં હોસ્ટેલમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની જનરલ માહિતીનું ફોર્મ

હોસ્ટેલ બ્લોક : ____________ રૂમ નંબર : ____________

ફોટોગ્રાફ

વિદ્યાર્થીનું પુરૂ નામ : ________________________________________________

(અટક નામ વાલીનું નામ)

કેટેગરી : એસ.સી. / એસ.ટી. / એસ.ઈ.બી.સી. / ઓપન / પી.એચ. / એક્સ.સર્વિસમેન

સેમેસ્ટર તથા બ્રાન્ચ : ________________________________________________

એનરોલમેન્ટ નંબર : | | | | | | | | | | | |

### હોસ્ટેલ ફી ની વિગત :

ચાલુ સેમેસ્ટર : _____ રીસીપ્ટ નં. __________ તારીખ : __________ ફી રૂ. _______ ડીપોઝીટ રૂ. _______

વિદ્યાર્થીનું કાયમી સરનામું : ________________________________________________

તા. __________ જિ. __________ ગામ/શહેર ____________ પિન _________

વિદ્યાર્થીનું ઈ-મેઈલ એડ્રેસ : ________________________________________________

મોબાઈલ નંબર : વિદ્યાર્થીનો | | | | | | | | | | |     | | | | | | | | | | |

વાલીનો | | | | | | | | | | |     | | | | | | | | | | |

તારીખ : _______________ વિદ્યાર્થીની સહી : ________________________

### હોસ્ટેલના રૂમની તાબા પાવતી :

મને આજ રોજ સોંપવામાં આવેલ ____________ હોસ્ટેલના રૂમ નંબર ________ માં નીચે મુજબની વસ્તુઓ છે. જે મેં તપાસેલ છે અને બરાબર માલુમ પડેલ છે. રૂમ છોડતાં પહેલાં રૂમનો સંપૂર્ણ ચાર્જ (નીચે મુજબની બધી વસ્તુઓ) હું વોર્ડન અથવા આસી.વોર્ડનને સોંપીને જઈશ જેની હું બાંહેધરી આપું છું.

| ક્રમ | વસ્તુનું નામ | નંગ | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | સ્ટીલના પલંગ | | |
| ૨ | સ્ટીલના ટેબલ | | |
| ૩ | સ્ટીલની ખુરશી | | |
| ૪ | સ્ટીલના ઘોડા | | |
| ૫ | લાકડાના ટેબલ | | |

| ક્રમ | વસ્તુનું નામ | નંગ | રીમાર્ક્સ |
|---|---|---|---|
| ૬ | લાકડાની ખુરશી | | |
| ૭ | લાકડાના ઘોડા | | |
| ૮ | ટ્યુબલાઈટ ફીટીંગ | | |
| ૯ | સીલીંગ ફેન | | |
| ૧૦ | ફેન રેગ્યુલેટર | | |

તારીખ : _______________ વિદ્યાર્થીની સહી : ________________________

તારીખ : _______________ વોર્ડન/આસી.વોર્ડનની સહી : ______________

# -:: લખધીરજી ઈજનેરી કોલેજ, મોરબી ::-

# -:: હોસ્ટેલમાં રહેવા અંગેના નિયમો ::-

## ૧. પ્રવેશ મેળવવા માટેના નિયમો :-

(૧) જે વિદ્યાર્થીએ આ સંસ્થામાં નિયમાનુસાર પ્રવેશ મેળવેલો હશે તે વિદ્યાર્થી જ આ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા માટે હકદાર બનશે.

(૨) જે તે વર્ષ અને બ્રાન્ચમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સંખ્યાના આધારે પ્રાયોરીટી/મેરિટનાં ધોરણે પ્રવેશ આપવામાં આવશે. જરૂર પડ્યે આચાર્યશ્રીની પરવાનગી લીધા બાદ આ નિયમોમાં ફેરફાર કરી શકાશે.

(૩) જે વિદ્યાર્થી બહાર નોકરી કરતો હશે કે પાર્ટ-ટાઈમ કોર્ષમાં અભ્યાસ કરતો હશે તે આ હોસ્ટેલમાં પ્રવેશ મેળવી શકશે નહીં.

(૪) રીપીટર તેમજ ડીટેઈન થયેલ વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવાની અરજી કરી શકશે નહીં. જો કોઈ વિદ્યાર્થી ડીટેઇન થશે ત્યારે તેનું હોસ્ટેલ એડમીશન આપોઆપ રદ થશે તથા ફરી રેગ્યુલર થતાં વિદ્યાર્થીએ નવેસરથી હોસ્ટેલ એડમીશન પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે.

(૫) જે વિદ્યાર્થીનાં માતા-પિતા કોલેજના મુખ્ય બીલ્ડીંગથી ૨૦ (વીસ) કીલોમીટરનાં વિસ્તારમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા માટેની અરજી કરી શકશે નહીં. પરંતુ બીજા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ જો હોસ્ટેલમાં જગ્યા ઉપલબ્ધ થતી હશે તો આવા સ્થાનિક વિદ્યાર્થીઓની હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા માટેની અરજી વિચારણામાં લેવામાં આવશે.

(૬) જે વિદ્યાર્થીનાં માતા-પિતા સરકારી કર્મચારી હોય એ વિદ્યાર્થીનાં માતા-પિતાની અન્ય સ્થળે બદલી થઈ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીને હોસ્ટેલમાં પ્રવેશ માટે અગ્રતાક્રમ આપવામાં આવશે.

(૭) જો હોસ્ટેલ પ્રવેશ અરજીમાં ખોટી માહિતી આપેલ હશે તો કાયમી માટે હોસ્ટેલ પ્રવેશ આપવામાં આવશે નહિં.

## ૨. હોસ્ટેલમાં શિસ્ત જાળવવા અંગેના નિયમો :-

(૧) જે વિદ્યાર્થીને હોસ્ટેલમાં જે રૂમ આપવામાં આવ્યો હોય તે વિદ્યાર્થીએ તે જ રૂમમાં રહેવાનું રહેશે કોઈ પણ સંજોગોમાં વિદ્યાર્થી હોસ્ટેલનાં વોર્ડનની મંજુરી વગર રૂમની ફેરબદલી કરી શકશે નહીં.

(૨) વિદ્યાર્થીને હોસ્ટેલમાં જે રૂમ આપવામાં આવેલ હોય તે રૂમનું સઘળું ફર્નીચર, ઈલે. ફીટીંગ જેવા કે ટ્યુબલાઈટ, પંખા, સ્વિચો, વગેરે ચેક કરીને સહી કરવી પડશે. રૂમમાં જો ફર્નીચર ઓછું હોય કે તૂટેલું હોય તો કે બંધ હાલતમાં હોય તો તે અંગેનો તાત્કાલિક રીપોર્ટ હોસ્ટેલ ઓફિસમાં લેખિતમાં કરવાનો રહેશે. રૂમની ફાળવણી થયા પછી રૂમનો કબજો સંભાળ્યે તુરંત જ આ અંગેની સઘળી જવાબદારી રૂમમાં રહેતા જે તે વિદ્યાર્થીઓની રહેશે.

(૩) રૂમમાં આવેલ ફર્નીચરની ફેરબદલી તથા તેનું અન્ય રૂમમાં સ્થળાંતર કોઈપણ સંજોગોમાં કરવું નહીં અન્યથા આ બાબતે સઘળી જવાબદારી રૂમમાં રહેતા વિદ્યાર્થીની રહેશે.

(૪) હોસ્ટેલમાં પોતાને ફાળવવામાં આવેલ રૂમની તથા તે લોબીની સ્વચ્છતા જાળવવાની જવાબદારી જે તે વિદ્યાર્થીઓની રહેશે. આ બાબતે બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં.

(૫) સરકારશ્રીએ વિદ્યાર્થીઓને નજીવા દરે રહેણાંકની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુસર આ હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ કરી છે. તેથી આ હોસ્ટેલનાં બિલ્ડીંગમાં કે કોઈ પણ રૂમમાં જો કોઈ વિદ્યાર્થી દ્વારા કોઈ પણ પ્રકારની ભાંગફોડ કે નુકશાન થાય તેવી પ્રવૃતિ કરવામાં આવશે તો તે નુકશાનીની સઘળી નાણાકીય જવાબદારી જે તે વિદ્યાર્થી/વિદ્યાર્થીઓની રહેશે. નાણાંકીય નુકશાન અંગે આચાર્યશ્રી / રેકટરશ્રી જે કંઈ નિર્ણય લેશે તે જે તે વિદ્યાર્થી/વિદ્યાર્થીઓને બંધનકર્તા રહેશે.

(૬) હોસ્ટેલમાં વિજળીનો કરકસરયુક્ત રીતે બચાવ થાય તે ખુબ જ જરૂરી છે, આ કારણોસર હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ ઈલે. ગીઝર, ઈસ્ત્રી, ઈલે. સગડી, મ્યુઝિક સિસ્ટમ જેવા સાધનોનો ઉપયોગ કરી શકશે નહીં. વિદ્યાર્થી જ્યારે રૂમ બંધ કરી બહાર જાય ત્યારે ટ્યુબલાઈટ, પંખા અને તમામ ઈલે. સ્વીચો બંધ કરીને જવાનું રહશે. કોઈ પણ સમયે હોસ્ટેલનું ચેકિંગ થાય ત્યારે આ બાબતની ક્ષતિ ધ્યાન પર આવશે તો જે તે સાધનો જપ્ત કરી દંડ વસુલ કરવામાં આવશે અને તે રૂમમાં રહેતા વિદ્યાર્થી/વિદ્યાર્થીઓનું હોસ્ટેલ એડમિશન તત્કાલ રદ કરવામાં આવશે/પાત્ર ઠરશે.

(૭) હોસ્ટેલમાં રહેતા દરેક વિદ્યાર્થીઓએ રાત્રીના ૧૧ પહેલાં અને વિદ્યાર્થીનીઓએ રાત્રીના ૮ વાગ્યા પહેલાં અચૂક પોતાની રૂમમાં આવી જવાનું રહેશે. રાત્રીના આ સમય પછી બહાર રહેવું પડે એવા કિસ્સામાં અગાઉથી જે તે હોસ્ટેલનાં વોર્ડનની મંજુરી લેવી પડશે. રાત્રીના સમયે જો આ બાબતે ચેકીંગ કરવામાં આવશે અને વોર્ડનની જાણ બહાર રાત્રે હોસ્ટેલ પર મોડા આવતાં વિદ્યાર્થીઓ ઉપર કાર્યવાહી કરવામાં આવશે.

(૮) હોસ્ટેલમાં શિસ્ત અને શાંતિ જાળવવાની જવાબદારી હોસ્ટેલમાં રહેતા તમામ વિદ્યાર્થીઓની છે અને તેથી હોસ્ટેલમાં રહેતા કોઈપણ વિદ્યાર્થીને માનસીક કે શારીરિક અડચણ ઉભી થાય તેવી કોઈ પણ પ્રકારની વર્તણુંક રેગીંગનાં નિયમો હેઠળ આવરી લેવામાં આવેલ છે. આવી કોઈ પણ બાબત ધ્યાન પર આવશે તો હોસ્ટેલનાં સત્તાવાળાઓ કે આચાર્યશ્રીનાં ધ્યાન પર આવશે તો આવી અડચણો ઉભી કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીઓ સામે તાત્કાલિક પોલીસ કાર્યવાહી કરવામાં આવશે અને હોસ્ટેલ તેમજ સંસ્થામાંથી વિદ્યાર્થી/વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવામાં આવશે.

(૯) હોસ્ટેલમાં પ્રવેશ મેળવીને રહેતા વિદ્યાર્થીઓ સિવાય અન્ય કોઈ પણ વ્યક્તિ હોસ્ટેલનાં કોઈ પણ રૂમમાં રાત્રીના ૭-૦૦ વાગ્યા પછી રહી શકશે નહીં. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓના કોઈ પણ નજીકના કે દૂરના સગા-મિત્રોને જો સાંજના ૭-૦૦ વાગ્યા પછી રહેવાના સંજોગો ઉભા થાય તેમ હોય તો તે બાબતે હોસ્ટેલનાં વોર્ડન/રેકટરની અગાઉથી મંજુરી લેવાની રહેશે. આ નિયમનું ઉલ્લંઘન કરનાર વિદ્યાર્થીનું હોસ્ટેલ એડમિશન તાત્કાલીક રદ કરવામાં આવશે.

(૧૦) હોસ્ટેલમાં રહેતો કોઈ પણ વિદ્યાર્થી બીમાર પડે તે સંજોગોમાં તે અંગેની જવાબદારી તે રૂમમાં રહેતા અન્ય વિદ્યાર્થી/વિદ્યાર્થીઓની રહેશે. રૂમનાં અન્ય વિદ્યાર્થીઓએ આ બિમાર વિદ્યાર્થીની તાત્કાલિક તબીબી સારવાર કરાવવી અને એ બાબતે હોસ્ટેલનાં વોર્ડનનું/રેકટરશ્રીનું ધ્યાન દોરવાનું રહેશે.

(૧૧) હોસ્ટેલનાં વોર્ડન/રેકટરની મંજુરી વગર હોસ્ટેલમાં રહેતો કોઈ પણ વિદ્યાર્થી ૧૫ દિવસ કરતાં વધારે દિવસથી હોસ્ટેલમાં ગેરહાજર રહી શકશે નહીં. ૧૫ દિવસ કરતાં વધારે દિવસથી ગેરહાજર રહેનાર વિદ્યાર્થીનું હોસ્ટેલ એડમિશન તત્કાલ રદ કરવામાં આવશે.

(૧૨) કોઈપણ વિદ્યાર્થી કે વિદ્યાર્થીઓનાં સમૂહ દ્વારા કોઈ પણ વિદ્યાર્થીને શારીરીક કે માનસિક રીતે પરેશાન કરી શકાશે નહીં અન્યથા રેગીંગ કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

(૧૩) હોસ્ટેલ પ્રવેશ મળ્યે અને નવું સત્ર શરૂ થયે નિયત હોસ્ટેલ ફી ભરવાની જાણ થયેથી સાત દિવસમાં હોસ્ટેલ ફી અચૂક ભરવાની રહેશે અન્યથા હોસ્ટેલ એડમીશન રદ થશે.

(૧૪) નવું શૈક્ષણીક સત્ર શરુ થાય ત્યારે હોસ્ટેલ એડમીશન રીન્યુ કરાવવાનું, હોસ્ટેલ ફી ભરવાની તથા હોસ્ટેલનું ઓળખપત્ર રીન્યુ કરાવવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

(૧૫) શૈક્ષણીક સત્ર પુરૂ થયા બાદ વેકેશનનાં દિવસો દરમિયાન કોઈ પણ વિદ્યાર્થી હોસ્ટેલમાં રહી શકશે નહીં. શૈક્ષણીક સત્ર પુરૂ થયા બાદ વિદ્યાર્થીઓએ રૂમ ખાલી કરીને તેની સોંપણી હોસ્ટેલ ઓફિસે કરવાની રહેશે. આ અંગેની સઘળી જવાબદારી તે રૂમમાં રહેતા વિદ્યાર્થીની રહેશે.

(૧૬) વેકેશન દરમિયાન રૂમ ખાલી કરીને જતા પહેલાં તે રૂમમાં રહેલું ફર્નિચર તેમજ અન્ય ઈલેક્ટ્રીકલ ફીટીંગ જેવા કે, ટ્યુબલાઈટ, પંખા, ઈલે. સ્વિચો, વગેરે ચાલુ હાલતમાં છે તે બાબતની ખરાઈ હોસ્ટેલ વોર્ડનશ્રી/આસી. વોર્ડનશ્રી/ઓફિસના કલાર્કને કરાવવાની રહેશે. અન્યથા તે બાબતની સઘળી જવાબદારી રૂમમાં રહેતા વિદ્યાર્થીઓની રહેશે.

(૧૭) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓએ પોતાની પાસે હોસ્ટેલના વોર્ડન/રેકટરની સહીવાળું પોતાનું હોસ્ટેલ ઓળખપત્ર રાખવું ફરજીયાત છે. હોસ્ટેલના ચેકિંગ દરમિયાન જો આવું ઓળખપત્ર નહીં ધરાવનાર વિદ્યાર્થી પાસેથી રૂ. ૨૫૦/- દંડ પેટે વસુલ કરવામાં આવશે. હોસ્ટેલના ચેકિંગ દરમિયાન કોઈ વિદ્યાર્થી પાસે ઓળખપત્ર ન હોય તો તે વિદ્યાર્થીની કોઈ પણ પ્રકારની દલીલ માન્ય રાખવામાં આવશે નહીં. ઓળખપત્ર ખોવાઈ ગયું હોય તો દિવસ – ૫ માં નવું ઓળખપત્ર મેળવી લેવાની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.

(૧૮) સંસ્થાના વડા - આચાર્યશ્રી તથા હોસ્ટેલના રેકટર, વોર્ડન કોઈ પણ સમયે હોસ્ટેલમાં ચેકિંગ કરી શકાશે. ચેકિંગ દરમિયાન વિદ્યાર્થીઓએ સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે અને કોઈ પણ વિદ્યાર્થી / વિદ્યાર્થીઓ ઉપરોકત દર્શાવેલા કોઈ પણ નિયમનો ભંગ કરતા જણાશે તો તેની પાસેથી રૂ. ૧૦૦૦/- સુધીનો દંડ વસુલ કરી શકશે તેમજ તેમની ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને દંડ નહિ ભરનાર વિદ્યાર્થીનું હોસ્ટેલ એડમિશન રદ કરવામાં આવશે.

(૧૯) વિદ્યાર્થીનીઓ/મહિલાઓને છોકરાઓ માટેના હોસ્ટેલ સંકુલમાં પ્રવેશ માટેની સખ્ત મનાઈ છે. તેમજ લેડીઝ હોસ્ટેલમાં કોઈ પણ વિદ્યાર્થી કે પુરૂષોને પ્રવેશ સામેની સખ્ત મનાઈ છે. આ નિયમનું ઉલ્લંઘન કરનાર સામે આચાર્યશ્રી/રેકટર દ્વારા પોલીસ કાર્યવાહી કરવામાં આવશે.

(૨૦) હોસ્ટેલ અને કેમ્પસની સ્વચ્છતા/આરોગ્યની જાળવણીના હેતુથી સફાઈ અંગે મહિનામાં ચાર કલાક ફરજીયાત શ્રમદાન કરવાનું રહેશે. (૧૦૦ પોઈંટ)

(૨૧) વિદ્યાર્થીઓ સાઈકલ સિવાય અન્ય વાહનો રાખી શકશે નહીં. છતાં અનિવાર્ય સંજોગોમાં વાહન રાખવાની જરૂર ઉભી થાય તો તેની જાણ વોર્ડનશ્રીને કરવી તથા તેને લગતાં કાગળો જમા કરાવવાં. રજીસ્ટર્ડ થયેલાં વાહનો સવારના ૮ વાગ્યા પછી હોસ્ટેલ કેમ્પસ બહાર નિયત જગ્યાએ પાર્ક કરવાના રહેશે તેમજ સાંજે ૮ વાગ્યા પછી વાહનો કેમ્પસમાં લાવવાનાં રહેશે.

(૨૨) તમામ પ્રકારનાં સ્વાસ્થ્યને હાનિકારક વ્યસનોથી વિદ્યાર્થીઓએ દૂર રહેવાનું રહેશે અન્યથા કાયદેસરની કાર્યવાહી કરી દંડ વસુલવામાં આવશે.

## ૩. હોસ્ટેલમાં રહેવા અંગેના સામાન્ય નિયમો :-

(૧) હોસ્ટેલમાં રહેતાં વિદ્યાર્થીઓએ અહીંની સ્થાનિક બેન્કમાં બચતખાતું ખોલાવી લેવું હિતાવહ છે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓએ પોતાની પાસે વધુ પડતી નાણાંકીય રકમ કે અન્ય કોઈ પણ કિંમતી સાધનો લેપટોપ, ડીઝીટલ કેમેરા, મોબાઈલ ફોન, સોનાના ઘરેણા, વગેરે રાખવા નહીં. જે વિદ્યાર્થી આવી કોઈ પણ પ્રકારની કીંમતી વસ્તુઓ પોતાનાં રૂમમાં રાખશે તો તેની કોઈ પણ પ્રકારની જવાબદારી હોસ્ટેલા સત્તાવાળાની રહેશે નહિં.

(૨) હોસ્ટેલ સત્તાવાળા તરફથી સમયાંતરે અપાતી દરેક સુચનાઓનું હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓએ પાલન કરવાનું રહેશે. સમયાંતરે અપાતી આ સુચનાઓનું ઉલ્લંઘન કરનાર વિદ્યાર્થીઓનું હોસ્ટેલ એડમીશન તાત્કાલિક રદ કરવામાં આવશે.

(૩) હોસ્ટેલમાં રહેતા કોઈ પણ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ઉપર દર્શાવેલા કોઈ પણ નિયમોનું ઉલ્લંઘન કરતો જણાશે કે ગેરશિસ્ત આચરાતો હોવાનું ધ્યાન પર આવશે તો તે વિદ્યાર્થીનું હોસ્ટેલ એડમીશન તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે અને આવા વિદ્યાર્થીની અનિયમીતતા, ગેરશિસ્ત કે અવિવેકી વર્તન જણાશે તો તે વિદ્યાર્થીનું કોલેજમાંથી પણ એડમીશન રદ કરવામાં આવશે.

(૪) ઉપર દર્શાવેલા કોઈ પણ નિયમો આચાર્યશ્રીની સુચના સિવાય બદલી શકાશે નહીં.

## -: વિદ્યાર્થીએ આપવાનું બાંહેધરીપત્ર :-

હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા માટેનાં ઉપરનાં તમામ નિયમો મેં પુરી સભાનતાથી, એકાગ્રતાથી વાંચ્યા છે અને સમજ્યા છે. આ તમામ નિયમોનું પાલન કરવાની સઘળી જવાબદારી હું સ્વીકારૂ છું. ઉપર દર્શાવેલા કોઈ પણ નિયમોનું કોઈ પણ સંજોગોમાં ઉલ્લંઘન નહિં કરુ તે શરતે મને હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવેલ છે તે હું સારી રીતે જાણું છું. વખતોવખતના ફેરફાર થયેલા નિયમો મને આધિન રહેશે.

સ્થળ : મોરબી

તારીખ : ______________ વિદ્યાર્થીની સહી : ______________________

## -: માતા-પિતા / વાલીએ આપવાનું બાંહેધરીપત્ર :-

મારા પુત્ર/પાલ્યને હોસ્ટેલમાં એડમીશન મેળવવા માટેનાં જરૂરી ઉપરનાં તમામ નિયમો મેં પુરી સભાનતાથી, એકાગ્રતાથી વાંચ્યા છે અને સમજ્યા છે. આ તમામ નિયમોનું પાલન કરવાની સઘળી જવાબદારી મારા પુત્ર/પાલ્યની રહેશે. ઉપર દર્શાવેલ કોઈ પણ નિયમોનું કોઈ પણ સંજોગોમાં ઉલ્લંઘન નહિં કરે તે શરતે મારા પુત્ર/પાલ્યને હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવેલ છે તે હું સારી રીતે જાણું છું જો નિયમોનું પાલન કરવામાં મારો પુત્ર/પાલ્ય નિષ્ફળ જશે તો તેની સામે નિયમાનુસાર કાર્યવાહી હોસ્ટેલના સત્તાવાળાઓ/આચાર્યશ્રી દ્વારા કરવામાં આવે તે મને તથા મારા પુત્ર/પાલ્યને બંધનકર્તા રહેશે. જેની આથી હું બાંહેધરી આપું છું.

સ્થળ : મોરબી

તારીખ : ______________ માતા/પિતા/વાલીની સહી : ______________________